
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૦૯ | ૨૯ જુન, ૨૦૨૨, બુધવાર; જયેષ્ઠ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# મહારાષ્ટ્રમાં સરકાર બનાવવા ભાજપની કવાયત

### ભાજપ-શિંદે જૂથની ડીલ, શિંદે જૂથના ૧૩ પ્રધાન, ૮ કેબિનેટ : ભાજપ પોતાની તરફથી ૨૯ મંત્રી બનાવશે, એમવીએ સરકાર સામે કોઈપણ સમયે અવિશ્વાસ પ્રસ્તાવ આવી શકે છે



નવી દિલ્હી ,તા.૨૮

મહારાષ્ટ્રમાં ભાજપે સરકાર બનાવવાની કવાયત શરૂ કરી દીધી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે શિવસેનાના એકનાથ શિંદે જૂથની ભાજપની ડીલ કન્ફર્મ થઈ ગઈ છે અને કોની પાસે કેટલા મંત્રી હશે, તે પણ ફાઈનલ થઈ ગયું છે. સૂત્રોને ટાંકીને અહેવાલો અનુસાર શિંદે જૂથમાંથી કુલ ૧૩ પ્રધાનો બનાવવામાં આવશે, જેમાંથી ૮ કેબિનેટ અને ૫ રાજ્ય પ્રધાન હશે, સાથે જ ભાજપ પોતાની તરફથી ૨૯ મંત્રી બનાવશે. બીજી તરફ રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારીએ રાજ્યની રાજકીય સ્થિતિ પર મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે સાથે વાત કરી છે. શિવસેનાના બળવાખોર ધારાસભ્યોને ડેપ્યુટી સ્પીકર તરફથી મળેલી ગેરલાયકાતની નોટિસ પર સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ મુખ્યમંત્રી સાથે રાજ્યપાલની આ પ્રથમ વાતચીત છે. આવી સ્થિતિમાં, અટકળોનું બજાર ગરમ થઈ રહ્યું છે કે મહારાષ્ટ્રની મહા વિકાસ અઘાડી (એમવીએ) સરકાર સામે કોઈપણ સમયે અવિશ્વાસ પ્રસ્તાવ આવી શકે છે. આવી સ્થિતિમાં, ચાલો જોઈએ કે મહારાષ્ટ્રમાં રાજકીય કટોકટી વિશે સૌથી સળગતા પ્રશ્નો ગણાતા મોટા પ્રશ્નો.

સર્વોચ્ચ અદાલતે રાજ્યપાલની સત્તાઓ પર કોઈ ટિપ્પણી કરી નથી અને જો સરકારને બહુમતીના અભાવની શંકા હોય તો બંધારણ રાજ્યપાલને પગલાં લેવાની સત્તા આપે છે. જ્યારે વરિષ્ઠ વકીલોની ટીમે સુપ્રીમ કોર્ટને ૧૨ જુલાઈના રોજ સાંજે ૫.૩૦ વાગ્યા સુધી ફ્લોર ટેસ્ટની પ્રક્રિયા પર રોક લગાવવા વિનંતી કરી, ત્યારે સુપ્રીમ કોર્ટે આમ કરવાનો ઈન્કાર કરી દીધો. એટલે કે રાજ્યપાલ ઈચ્છે તો સરકારને ગમે ત્યારે બહુમત સાબિત કરવા માટે કહી શકે છે.

રાજ્યપાલ પોતાને સત્તાધારી પક્ષને બહુમતી સાબિત કરવા માટે કહી શકે છે. બીજી તરફ, સરકાર પાસે બહુમતી ન હોવાનો દાવો કરીને

વિધાનસભાના સભ્ય, સ્પીકરને ફ્લોર ટેસ્ટ કરાવવાના નિર્દેશની માગણી કરે તો પણ રાજ્યપાલ આમ કરી શકે છે. એટલે કે બંધારણીય જોગવાઈ હેઠળ બળવાખોર ધારાસભ્યોને સત્તાધારી પક્ષ પાસે રાજ્યપાલ

● અનુસંધાન પાન-૭ પર

## રિલાયન્સ જિયોના ડાયરેક્ટર પદે આકાશ અંબાણીની વરણી

**પંકજ મોહન પવારને મેનેજિંગ ડાયરેક્ટર, રમિન્દરસિંઘ-કેવી ચૌધરીની પાંચ વર્ષ માટે સ્વતંત્ર ડાયરેક્ટર તરીકે નિમણૂંક**

મુંબઈ,તા.૨૮

ભારતના સૌથી મોટા ઉદ્યોપતિ અને એશિયાના સૌથી મોટા ધનકુબેર, રિલાયન્સ સમૂહના વડા મુકેશ અંબાણીએ રિલાયન્સ જિયોના ડાયરેક્ટર પદેથી રાજીનામું આપ્યું છે. અંબાણીએ ૨૭મી જૂનના રોજ કંપનીના ડાયરેક્ટર પદેથી રાજીનામું આપ્યું છે.

અહેવાલ અનુસાર રિલાયન્સ જિયોના ચેરમેનનો પદભાર હવે પુત્ર આકાશ અંબાણી સંભાળશે. આકાશ જિયોના બોર્ડમાં હાલ નોન એક્ઝયુકિટીવ ડાયરેક્ટર તરીકે ફરજ બજાવી રહ્યાં છે.

નવેમ્બર મહિનાના રિપોર્ટ અનુસાર મુકેશ અંબાણી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના કારોબારના ભાગલા કરીને પુત્રો અને દિકરીને વહેંચીને તેઓ કુશળ કર્તાહર્તા બન્યા બાદ રિટાયરમેન્ટ લઈ શકે છે તેવા અહેવાલ વહેતા થયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર રિલાયન્સ જિયોએ નવા ચેરમેન તરીકે આકાશ અંબાણીના નામની સાથે પંકજ મોહન પવારને મેનેજિંગ ડાયરેક્ટર પદે નિમ્યાં છે. આ સાથે જિયોએ રમિન્દર સિંઘ અગ્રવાલ અને કેવી ચૌધરીને પણ પાંચ વર્ષ માટે સ્વતંત્ર ડાયરેક્ટર તરીકે નિમ્યાં છે.

## રશિયા પાસેથી નિશ્ચિત ભાવથી જ ઓઈલ ખરીદવા G-7 દેશોનો નિર્ણય

**ક્રૂડ ઓઈલ પર ટોચની ભાવ મર્યાદા લાગુ કરવા માટે G-7 સમૂહના વડાઓએ પ્રસ્તાવ મંજૂર કર્યો**

બર્લિન,તા.૨૮

રશિયાના યુક્રેન પરના આક્રમણને કારણે વિશ્વ જગતમાં અરાજકતાનો માહોલ સર્જાયો છે. ખાસ કરીને આર્થિક મોરચે બંને દેશો કોમોડિટી અને ઈંધણ સંબંધિત મોટા ઉત્પાદકો દેશો હોવાથી સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થાને મસમોટું નુકશાન આ યુદ્ધથી થઈ રહ્યું છે. રશિયાના અતિક્રમણને કારણે ક્રૂડ ઓઈલની સાથે નેચરલ ગેસના ભાવમાં પણ ફેબ્રુઆરી બાદ ભડકો આવ્યો છે અને તેને કારણે મોંઘવારીએ પણ માઝા મુકી છે.

જી-૭ સમૂહની યોજાયેલ બેઠકમાં રશિયા પર વધુ કડક પ્રતિબંધો લાદવાની નેમ સાથે ટોચના દેશોએ હવે રશિયાના ક્રૂડ ઓઈલ પર પ્રાઈસ કેપિંગ કરવાનો નિર્ધાર કર્યો છે

ક્રૂડ ઓઈલ પર ટોચની ભાવ મર્યાદા લાગુ કરવા માટે જી-૭ સમૂહના વડાઓએ પ્રસ્તાવ મંજૂર કર્યો હોવાના અહેવાલ છે. જોકે આ પ્રાઈસ કેપિંગમાં માત્ર ક્રૂડને જ સમાવી લેવાશે કે કુદરતી ગેસનો પણ સમાવેશ થશે તે અંગે હજી કોઈ સ્પષ્ટતા થઈ નથી.

જોકે ફ્રાંસના રાષ્ટ્રપ્રમુખે મોંઘવારી અંગે વિરોધ વ્યકત કતા રશિયા જ નહિ પરંતુ અન્ય ક્રૂડ નિકાસકાર દેશો પર પણ આ પ્રકારના પ્રાઈસ કેપિંગ લાદવા હિમાયત કરી છે.

તેમણે કહ્યું કે મોંઘવારીને કાબૂમાં લેવા અને આર્થિક ઉથલપાથલને કાબૂમાં લેવા માટે રશિયાની સાથે-સાથે સાઉદી અરેબિયા નાઈજીરિયા જેવા દેશો જે ઓપેકમાં રહીને કાર્ટેલ કરી રહ્યાં છે તેમના પર પણ અંકુશ લગાવવા આ પ્રાઈસ કેપિંગ લાગુ કરવા જણાવ્યું છે.

જોકે રશિયાના પર ભાવ અંકુશ લાદવાના પ્રસ્તાવ પર સૌકોઈ એકમત થયા હતા પરંતુ ફ્રાંસના રાષ્ટ્રપતિના તમામ દેશો પર પ્રતિબંધ લાદવાના પ્રસ્તાવ પર ખચકાટ અનુભવ્યો હતો. બ્રિટન સહિતના દેશોનો મત હતો કે જો આ પ્રાઈસ કેપ સાઉદી કે અન્ય ઓપેક જે નોન-ઓપેક દેશો પર લાગુ પડશે તો માનવસર્જિત અછત સર્જાશે અને મોંઘવારી ડામવા લીધેલ આ પગલું વધુ મોંઘવારી નોતરશે.








## ગાંધીનગરના વસાહતી પોતાનું ઘર, સેક્ટર અને નગરને વધુ હરિયાળું બનાવી પોતાના મકાનની દશ લાખથી બે કરોડ સુધીની કિંમત અને ૧૦ વર્ષનું આયુષ્ય વધારી શકે.



સન ૧૯૬૯માં ગાંધીનગરનો પાયો નંખાયો અને થોડાક સેક્ટર બન્યા ત્યાં સુધી અહીં ધૂળની ડમરીઓ ઉડતી હતી. ધીરે ધીરે વન વિભાગ દ્વારા વૃક્ષો વવાતાં આ શહેરની સરખામણી હરિયાણા-પંજાબના પાટનગર ચંડીગઢ સાથે થવાની શરૂઆત થઇ અને અંતે ગાંધીનગર વૃક્ષોના કારણે જ ભારત અને વિશ્વમાં જાણીતું થવા લાગ્યું. જેમ આગ્રા શહેરની ઓળખ તાજમહાલ, દિલ્હીની લાલ કિલ્લો/કુતુબમિનાર, જોધપુરની મહેરાનગઢ, પેરિસની એફિલ ટાવર છે તેમ ગાંધીનગરની ઓળખ લીલાંછમ વૃક્ષો અને હરિયાળી છે.

ભારતમાં ક્યાંક વસતા અમીર ગુજરાતીની એક મહેચ્છા હોય છે કે ગાંધીનગરમાં એક મકાન હોય. ગાંધીનગરમાં મારો નિવાસ છેલ્લા અંદાજે ૪૫ વર્ષથી છે. આ શહેરમાં હરિયાળી તેના શિખરે હતી ત્યારે જેટલાં વૃક્ષો હતાં તેમાંથી આજે ચોથા ભાગનાં જ વૃક્ષો બચ્યાં છે. ચોમસાની શરૂઆત થઇ છે. ઘર આંગણે, સેક્ટરમાં અને નગરમાં વાવેતર લાયક અનેક જગ્યાઓ/પ્લોટ ખાલી પડ્યાં છે. સરકારના વન વિભાગે ચાલુ સાલે ૨૨ લાખ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. આ સંજોગોમાં ગાંધીનગરના કાયમી વસાહતીઓની કોઇ જવાબદારી ખરી કે નહીં ?

ભારતીય સંસ્કૃતિ છોડમાં રણછોડના દર્શન કરે છે. પ.પૂ. પાંડુરંગ આઠવલેજીએ પત્થરનાં મંદિરો બનાવવાને બદલે વૃક્ષ મંદિરો બનાવવા ઉપદેશ કર્યો છે. ગીતામાં ભગવાન કૃષ્ણએ વૃક્ષોમાં પીપળાને જ પોતાનું સ્વરૂપ ગણાવ્યું છે. વિશ્વમાં દરેક નેતા પોતાનો ધર્મ, સંસ્કૃતિ કે જાતિ બચાવવા નીકળ્યા છે ત્યારે ૬૫ વર્ષના આત્મજ્ઞાની મહાપુરુષ પ.પૂ. સદ્‌ગુરુ જગ્ગી વાસુદેવ ભારતના તમામ રાજ્યો સહિત વિશ્વના ૨૭ દેશોમાં ૩૦,૦૦૦ કિ.મી.ની બાઇક સવારીથી પ્રવાસ કરીને વૃક્ષ વાવીને પૃથ્વી ઉપરની માટી બચાવવા અદ્‌ભુત પ્રવાસ કરી ચૂકયા છે.

એક પીપળાનો ઉછેર કૃષ્ણના અવતરણ બરાબર, ચાર વડનો ઉછેર ચાર ધામની યાત્રા બરાબર અને ઘટાદાર ૬૮ વૃક્ષોનો ઉછેર ૬૮ તીર્થની યાત્રા બરાબર છે. તારીખ ૧૧-૯-૧૭૩૦ના રોજ જોધપુર પાસેના ખેજલડી ગામે એક વૃક્ષને બચાવવા એક જ દિવસે ૩૬૩ સ્ત્રી-પુરુષોએ આત્મબલિદાન આપેલું, જે હાલ યાત્રાનું સ્થળ બની ગયેલ છે. શહેરમાં આપણી પાસે ઘેર ઘેર પાણી અને આજુ બાજુ સર્વત્ર ખુલ્લી જમીન ઉપલબ્ધ છે ત્યારે આપણે બધા બીજા પ્રકારના યજ્ઞો છોડીને વૃક્ષ વાવેતર યજ્ઞ આરંભીએ. કોરોનામાં ઓક્સિજનની કિંમત આપણને સમજાઇ ગઇ છે. વૃક્ષો આપણા ફેફસાનો જ ભાગ છે. વૃક્ષ છેદન એટલે ફેફસા છેદન જ છે. વ્યક્તિ, કુટુંબ, સેક્ટર અને નગરવાસી તરીકે આપણાથી જ શરૂઆત કરીએ. સરકારના લક્ષ્યાંક ઉપરાંત આપણે એટલાં બધાં વૃક્ષો વાવીએ કે ગાંધીનગરમાં દરેક મકાન વૃક્ષથી જ ઢંકાઇ જાય. આનું પરિણામ એ આવશે કે ૮૦ ચો.મી.નું મકાન હોય કે ૩૩૦ ચો.મી.નું મકાન હોય તેની કિંમત ઓછામાં ઓછા રૂ. ૧૦ લાખથી વધુમાં વધુ ૨ કરોડ જેટલી વધી જશે. આયુષ્ય ૫ થી ૧૦ વર્ષ વધશે. આ માટે કુટુંબદીઠ રૂ. ૧૦૦૦ થી કે સેક્ટર દીઠ રૂ. ૨-૩ લાખનો ખર્ચ થશે તો પણ એળે નહીં જાય. આ માટે ગાંધીનગરના વસતા હજારો નિવૃત્ત અને ચાલુ સેવાના લાખેક કર્મચારીઓએ આગળ આવી ચુંટાયેલા પ્રતિનિધિઓ, પ.પૂ. પાંડુરંગ આઠવલેજીના સ્વાધ્યાય પરિવાર, ગાયત્રી પરિવાર, આર્ય સમાજ, ભગવાન સ્વામી નારાયણ પરિવારની સંસ્થાઓ, પત્રકાર મિત્રો, લઘુમતી સંસ્થાઓના નેજા હેઠળ એક મહા અભિયાન ઉપાડી શકાય. હયાત વૃક્ષો બચાવીએ, સરકારી વનીકરણ યોજનામાં સાથ સહકાર આપીએ.

બિનઉપજાઉ વિદેશી વૃક્ષોને બદલે દેશી આંબા, મહુડા, લીંબડા, ખાખરા, આંબલી, રાયણ, પીપળા, વડ જેવા ઘટાદાર અને ફળાઉ અને બહેડા, હરડે, આંબળા, સરગવો જેવાં વૈદકીય ઝાડ વાવીને આપણે માલામાલ થઇ શકીએ તેમ છે.

વડવાઓ કહેતા કે બે-ચાર પુત્ર-પુત્રી કરતાં પણ ચાર-પાંચ ફળાઉ ઝાડ અનેક પેઢીઓની સેવા કરે છે. શુકલતીર્થ ખાતેનો ૫૦૦ વર્ષ જૂનો કબીર વડ ૨૦ પેઢીઓથી ગુજરાતની સેવા કરી રહ્યો છે. આવો જ્યાં બેઠા છીએ ત્યાંથી આપણી જાતથી જ શરૂઆત કરીએ. મેં સ્વખર્ચે આપેલી આ જનહિત જાહેરાત સ્કેન કરી હજારો મિત્રોને પહોંચાડવા પણ વિનંતી છે.



- કે.જી. વણઝારા, પૂર્વ અધિક સચિવ, ગુજરાત સરકાર.

Mo. 99784 06487